તખતવિરહબાવની.

"ગોહેલવાડ" પ્રા. કે. ચિત્ર.

દોહરો.

થાતાં શ્રી તખતેશની, વસુધા થકી વિદાઇ;
સાખેણી ગુણિ લોકની લજ્જત ગઇ લુંટાઇ.

નથુરામ સુંદરજી શુકલ.

વાંકાનેર નિવાસી.

૬૨૯૨

મફત.

તપ્તવિરહબાવની.

ગોહેલવાડ પ્રા. પ્રે.
ચિત્ર.

દોહરો.

થાતાં શ્રી તખતેશની, વસુધા થકી વિદાઈ;
સાંભળી શુભિ લોકની, હર્ષિત ગઈ હુંશાઈ.

નથુરામ સુંદરજી શુકલ
વાંકાનેર નિવાસી.

૩

શ્રાદ્ધાંજલી.

મનહર.

તખ્ત· તારી પાછળે ઘણાઓ ધન ધામ આપી,
શાંન્ત કરશે ઉરે ભરેલી ભાવના ભલી;
કોઈ દેશે હય દાન હેમદાન ગજદાન.
કોઈ નશુરામ જાશે યજ્ઞ યાગથી છલી;
કોઈ કરી તીરથ આપશે પુણ્ય આનંદથી,
કોઈ લેશે જોગ સહુ ભોગના સુખો દલી;
શાણા તારા શ્રાદ્ધની ક્રીયામાં હું તો શ્રદ્ધા ધરી.
અરપું છું કવિતા ઉદક તણી અંજલી.

ક્રરહર ૫

મનહર.

કંચનનો આપનારો કરણ મરણ પામ્યો.
બહાદુરની બલી આજ જ્વાળમાં જળી ગયો;
ધરમનો સ્થંભ ધીંગો ભૂતળથી ભાંગી પડ્યો,
જનક વિદેહી બ્રહ્મ રૂપમાં ભળી ગયો;
હુમાયુની છાંયા આજ અવનિથી આઘી ગઈ,
પારથ પ્રતાપી ગુણ હીમમાં ગળી ગયો;
જાવાનું જણાવ્યા વિના તખત વખત જોઈ,
છત્રપતી છેલો નથુરામને છળી ગયો.

મનહર.

અનોખી ઉદારતાનો નમુનો અલોપ થયો,
રોળાઈ ગયું અનુપરૂપ રાજરીતીનું;
કવિ ગુણી પંડિતોનું આશ્રય ભુવન ભાગ્યું,
પલળ્યું અપુરવ પવિત્ર ચિત્ર પ્રીતિનું;
રાંક તણો માળવો વણસી ગયો વસુધાથી,
ન્યારૂં થયું નયનથી નીકું સ્થાન નીતિનૂં;
ત્રુટ્યું ન્યાય ત્રાજવું તમામ અંગે નથુરામ,
સખત મરણ થાતાં તખ્ત મહીપતીનું.

७

મનહર.

પર દુઃખ ભાંગનારો વિક્રમ પ્રવાસી થયો,
ભાગ્ય શાળો ભોજે આજ કુચ રસાલો કર્યો;
સત્ય વાદી હરિશ્ચંદ્ર સત્યને નિભાવા સારૂં.
વરજી વસુધા ચંદ્ર લોકમાંહી ઉતર્યો;
જાલીમ જમાનો જોઇ જપ તપી જાલંધરે,
સાધીને સમાધી પ્રાણ બ્રહ્મ રંધ્રમાં ભર્યો;
યજ્ઞ જ્ઞાગ કરનારો તખત ત્રિશંકુનૃપ,
નકી નથુરામ આજ શત્રુ થવા સંચર્યો.

મનહર.

ન્યાર્ડ નવશેરવાંએ લીધી છે રવાનગીરી,
સખાવતી હાતમેં તુરંત તયારી કરી;
શત્રુને પ્રજાળી સુતો સાથરે સમરસિંહ,
પડ્યો પ્રથુરાજ આર્ય ભૂમિથી અરિ હરી.
મનસાફી અદલ અકબરે ઉપાડી ફોજ,
ટકીલે પ્રતાપેકાયા પ્રાણથી કરી પરી,
કહે નથુરામ દુઃખ દારિદ્રના હરનારો,
ધરાથી સીધાવ્યો તખત ધીરો ધનવંતરી.

મનહર.

મહાકાળ કુંભીયે કલપ તરૂ કાઢી નાખ્યું,
સુખ વૃક્ષ કાપ્યું ભુમિ તળથી ભુલાવીને;
ઢીનાંવ્યો પીયુષ સિંધો હાથથી છકેલે કાળે,
ફોડી નાખ્યું અચાનક અખે પાત્ર આવીને;
તોડી નાખ્યો ચિંતામણિ પથ્થર સાથે પછાડી,
રાખ કર્યો પારસને આગમાં લગાવીને;
રાખી નથુરામદશા સોહની અમારી સદા,
સોનું કરનારા નૃપે સ્વર્ગમાં સિધાવીને.

મનહર.

આનંદી યયાતી નૃપ અમરપુરીમાં ગયો,
મહા ભગત મોરધ્વજેં મહીતલ છાડીયું;
ભય હારી ભીષ્મ આજ સુતો બ્રણ શય્યા કરી,
અતિ જ્ઞાની યુધિષ્ઠિરે દેહ માન મોડીયું;
સત્ય વાદી શીબી રાજા સીધાવ્યો સ્વરગ પંથ,
મહા યાગી મરૂતેં વપુપણું વખોડીયું;
તપ કરી તખ્ત ધ્રુવ ધરાથી આકાશ ગયો,
કોટી નથુરામ તણા કરમનું ફોડીયું.

મનહર.

પંખીઓનો પ્રાગવડ પ્રલેને સમીરે પાડયો,
વિજયી મરાયો વીર અનીકથી અગ્રનો;
તરષ્યાનું સરોવર અંતક ઉનાળે શોશ્યું,
ગ્રસ્યો કાળ રાહુએ શશિ ગુણી સમગ્રનો;
ભુખ્યાઓનુ ભોજન ભવિષ્યે ખેંચ્યું, ભાણામાંથી
કીરતીનો કોટ પાડયો કાળે સીંધુકગ્રનો;
કહે નથુરામ કવિકોક શોક કાપનારો,
અસ્ત થયો આજ તખ્ત ભાનુ ભાવનગ્રનો.

મનહર.

જીવનનું આપનારૂં વાદળું વીખેરી નાખ્યું,
કાળ વાયુ દક્ષિણનો વહીને વેરી થયો;
મહા કાવ્ય કુસુમના સુરસનો લોભિ મધુ,
સ્વરગના સુખમાં મોહીને રસીલો રહ્યો;
હુનેનમ નંદનવિપિનને મયુરે આજ,
આલાપી અવાજ મીઠો એલ સ્વર્ગનો ગ્રહ્યો
કહે નથુરામ મોતીબાગ માનસર છોડી,
હંસલો તખત જેહ વખત ઉડી ગયો.

૧૩

ઇંદ્રવિજય.

કેમ કર્યું તખતેશ પ્રયાણ,
અચાનક આમ તજી વસુધાને;
શું પરલોક મહીં પડીયું દુઃખ,
દુષ્ટ અસુરથી દેવ બચાને;
પક્ષ પવિત્ર પણું કરવા,
હરવા સુરવૃંદનિ ઉર વ્યથાને;
સત્વર સુઃર શિધાવી ગયો,
નાથુરામની નાસુખી કષ્ટ કથાને.

૧૪

ઇંદ્રવિજય.

શું ગુરૂ બૃહસ્પતિથી લડિઆફરી,
યજ્ઞનિધી કરતાં સુર રાજા;
ગેબી અસુર કર્યાં ગુરૂએ,
ફરિ હોમિહુતાશન અંજલી લાજા;
એ અગ્નિથી લડતાં મદદે,
નથુરામ મહાન ગણી મહારાજા;
નેકું થયું તમને તખતેશા,
ગયા સ્વર્ગે ઝટ ગોહિલ માજા.

ઇંદ્રવિજય.

શું હરિ સુર અસુર મળી,
મહા વારિધિ મંથન મેહનત માંડી;
એકથિ એક અમૂલ્ય સુરત્ન,
મળી બહુ યત્નથિ અમૃત હાંડી;
વેંચણુમાં વઢવાડ થઈ,
નથુરામ અતી અસુરેં હદ છાંડી;
ચુકવવા તકરાર ગયાં,
નખતેશ દઇ યશદુન્દુભિ દાંડી.

૧૬

ઈંદ્રવિજય.

શું ધરિ દિવસ આદિ અંતુ :
ધરાતલમાં હણવા મુનિ ધાયા;
અસ્ત અગસ્ત્ય તણા સમજ.
ઋષિરાજ સમસ્ત ઉરે અકળાયા;
નમ્ર બની નથુરામ કહે,
મુની સર્વ મળી પ્રભુના ગુણ ગાયા;
હુકમ કર્યો હરિએં તમને જઈ.
તેથી ગયા તખતેશજી ધાયા,

ઇંદ્રવિજય.

શું ફરિ ગાધિસુતેં કરવા મખ,
હિમ્મત હાલ ધરા પર ધારી;
આવી અસુર અપાર નડ્યા,
મખ રક્ષક કોઇ નહીં અવતારી;
એથી કરી અરજી રૂષિયેં,
નાથુરામ સુઆશિરવાદ ઉચારી;
તેથી ગયા તખતેશ તમેં,
મખરક્ષણ કાજ ગ્રહી સરદારી.

ઇંદ્રવિજય.

ક્રૂર મહા કળિકાળ વાધ્યો,
સહુ સૂર ગયા ક્ષિતિનું તલ છોડી;
નષ્ટ પ્રતાપ થયા નૃપતી,
જતિ જાન્હવિની અવધિ રહી થોડી:
એમ વિચાર કરી ઉરમાં,
નથુરામ ઉમાપતિમાં જિવ જોડી;
કામ ભગીરથનું કરવા,
તખતેશ ગયો જગબંધન તોડી.

ઈંદ્રવિજય.

ઉદ્ધત ઈંદ્ર બન્યો અતિશે,
કરિ બંધ બહુ જગમાં જળ વૃષ્ટિ;
સર્વ રસા રસ ત્યાગ કર્યા,
વિણ તેજ સમગ્ર બની રહિ સૃષ્ટિ;
દેવ થયો દિલગીર અતી,
નથુરામ જતાં દુનિયાંપર દૃષ્ટિ;
તખ્ત ગયો ત્રિપુરારિકને,
નિરખી ધરિ ધર્મ તણું કર યષ્ટિ.

મનહર.

આપી મહાદાન અષ્ટ કષ્ટ કાપ્યાં કવિયોનાં,
શ્રેષ્ટ ગણી રાખ્યા સંગ ઉત્તમમાં ઓપવા;
હય આપ્યા હાથી આપ્યા હાટક હવેલી. આપી
ગ્રામ દામ આપ્યાં લાખો. દરિદ્રને લોપવા;
માન આપ્યાં મોટાં મોટાં કોડે કવિરાજ કહી,
એ છતાં અધિકતાનું રૂડું વૃક્ષ રોપવા;
કહે નથુરામ તારી ત્વરાની તયારી તખ્ત.
લાગે છે કવીંદ્રને સુરેંદ્ર પદ સોંપવા.

૨૧

મનહર.

અલકા પુરીમાં પોગ્યી પરમ પ્રતાપ યુક્ત,
ગુફ઼ કરી શુદ્ધ થાવા જાહિર જહાંનમાં;
ધરમ સંવર્ત તણા હાથનો લખેલો યંત્ર,
ધ્વજામાં ધરીને જાવા વિધિથી વિમાનમાં;
આડિ યોધ મોટા તોડી તાળાં ભાંગી, ભોગળોને,
મારી નથુરામ રખવાળાને મેદાનમાં;
જાણું છું સવારી તારી જાય છે ત્વરાથી તખ્ત,
કુબેરના કોશ દેવા કવિયોને દાનમાં.

૨૨

મનહર.

મ્હેનત કરીને મોટી આખા મહીમંડલનું,
ધાઈ ધાઈ ધંધકરી ધન ઝોકડું ધર્યું,
ખરચ્યું ન ખાધું બહુ સાચવીને બાધું વિત્ત,
સ્નેહે નથુરામ લઈ સાગરમાં સંઘર્યું;
નંદનો ખજાનો ખારા વારિધિથી ખોદવા એ,
તખત તમારા કાંતો અંતરમાં ઉતર્યું;
આપવા અપાર દાન કાપવા કવિનાં કષ્ટ,
પેરમના પાતશા પ્રયાણ ઓચિંતું કર્યું.

મનહર.

દુ:ખ દાહ દારિદ્રની લોહ દશા દુર રાખી,
કંચન કરી કવિને ધરાપરે ધારિયા;
હાટક બનાવી ધારી હામ નથુરામ કહે,
ગુણીઓ તમામ દુ:ખ વારિધિથી તારિયા;
પંડિતોના કષ્ટનું કુધાતુરૂપ નષ્ટ કરી,
શોભિતા સુધાતુ રૂપે વ્હાલથી વધારિયા;
તે છતાં લોઢાનું નામ લોપવા તખત કાંતો,
પારસને લેવા પરલોકમાં પધારિયા.

મનહર.

ગરમ ગમારોને નરમ કરિ નરરાજ,
દાનનું ખડગ ધારી ખલકમાં ખેલિયો;
બલખ બુખારા સુધી કીરતીના કીધા કોટ,
વાવી જંગલાંડમાં અખંડ યશ વેલિયો;
ગુણીઓના ગુણની ગણના કરી ગોહિલજી,
સોનાનો સમુંદ્ર બની રાત દીન રેલિયો;
તે છતાં સિધાવ્યો કાંતો લુંટવા સુમેરૂ તખ્ત,
કવિયોને કરિ દેવા હેમની હવેલિયો.

મનોહર.

કીર્તીનો કલિત લલિત નથુરામ કહે,
ધવલ નવલ શૈલ ધરા તલે ધારીને;
હાટકને સ્ફાટકની તે પરે હવેલી કરી,
વિવિધ પ્રકાર તણા વૈભવ વધારીને;
નંદિ ગિરિનંદિની ગજાનન ષડાનનને,
પ્રેમથી પધારવા ત્યાં અરજી ઉચારીને;
શંકર સમેત સ્થાપી રજત ગિરિંદ ઉટાવળ
વેગે ગયા તખ્ત વાત ઉરમાં વિચારીને.

૨૬

મનહર.

કવિતા પિયૂષતણું પાન કરી પ્રેમ યુક્ત,
આપ થયા અમર અનુપ દિવ્ય દેહથી;
પરિયા પવિત્રનો પ્રતાપ સરવત્ર છાઈ,
અમર બનાવ્યા કરી કીરત અછેહથી;
ઉત્તમ અમીરોને અમર કર્યા આપ સંગે,
નાખી નથુરામ યશમાળા ગળે નેહથી;
અમર બનાવવા તમામ જગત જીવ તખ્ત,
સ્વર્ગમાં સિધાવ્યા કાંતો સુધા લેવા સ્નેહથી.

મનહર.

કલ્પતરૂને નામે તલપે તમામ જનો,
નૃપતિ આવ્યાતા નથુરામ દુઃખો નોંધવા;
સ્વારથિયા સુરો સુરતરૂને સંતાડિ બેઠા,
બળીયા સિધાવ્યા પછા વિબુધને બોધવા;
સ્વર્ગથી છિનાવી લઇ વાવવું વસુધા માથે,
અંતર ઉતાર્યું રાહ દારિદ્રનો રોધવા;
પર ઉપકારી તખ્ત પેરમના પ્રભુ તેથી,
પરલોકમાં પધાર્યા સુરતરૂ શોધવા.

२८

ઇંદ્રવિજય.

આમ વિચાર અનેક કરી,
ફિર છેક ભરાઈ ગયું ભ્રમ જાળે;
સત્ય વિચાર સુઝે ન લગાર,
ચડ્યું ચિતડું નિત્ય ચંચળ માળે;
વાદિ અપુરવ અંતરમાં ચુંભિ,
પિંડ સદા નથુરામ પ્રજાળે;
તપ્ત વિના તપિને દ્રગ વાદળ,
વારિસવે અતિ આજ ઉનાળે.

ઇંદ્ર વીજય.

વ્યાકુળતા રહે છે વળગી,
અળગિ નથિ થાતિ ઉપાધિથિ કાયે;
ક્લેશ કૃશાનું ઉઠ્યો સળગી,
વિણ ધીરજવારિ ત્વરાધરિ ધાયે;
વસ્તિ વિરાન સમી બનતી,
લખતાં નથુરામ સુધામ જણાયે;
કાગળમાં લખતાં કરથી,
ક્યમ તખ્ત વિયોગનું દુઃખ લખાયે.

ઇંદ્ર વીજય.

કંપિ ઉઠે કવિતા સુણતાં ઉર,
જેષ્ટ તણા સવિતા સમ તાપેં;
હામ હિમાંશુ હઠયો હ્રદયાથી,
વિલાસ વિલોકિ મહા વિષ વ્યાપે;
શાન્તિ અને સુખ કાન્તિ જતી રહી,
આતુરતાઈ અતિ દુઃખ આપે;
તમ્ન વિના નથુરામ અરિ બની,
કાળજું કષ્ટ કુઠારથિ કાપે.

ઇંદ્ર વીજય.

સંગીતથી ચિત ચોંકિ ઉઠે,
દિલ રોકિ ઉઠે રસ રીત સદાયે;
અંતરમાં અધિરાઈ ઉઠે,
વિત્ત જેમ સુ જન્મ કમાઈનું જાયે;
મંદિર સુંદર માનિનિથી,
મનકું નથુરામ અતિ અકળાયે,
જે રસનાથી ગુણો ગણિયા,
ક્યમ તે થકી તખ્ત વિયોગ વદાયે.

ઇંદ્ર વીજય.

ઓહિલ તખ્ત વિના ગમતું નથી,
બખ્ત વિયોગ તણો દુઃખ દે છે;
સખ્ત અને સુમનો સુકુમાર,
હજાર વિચાર ચડ્યા ચિત્ત રંગે,
પાર નથી પડતો નજરે,
દુઃખ વારિધિ હીમ્મત હાય હરે છે;
જાણણહાર ગયો જગથી,
નથુરામ તણે શિર શીગુજરે છે,

૩૩

ઇંદ્રવિજય.

અંબર છોડી દીગંબરને,
કરૂં ધારણુ એમ હુવે દિલ ધાયે;
ભૂતિ વિચારી કહિં નથુરામ,
વિભૂતિ રહું તન ધારિ સદાયે;
તોડિ સહુ જગબંધનને,
મન મોડિ વિલાસથિ છોડિ ઉપાયે;
તખ્ત મહીપ તને મળવા,
ભવને ભજિ આ તજું કષ્ટિત કાયે.

ઇંદ્રવિજય.

હોય કદી કઈલાસ વિષે,
તુજ ખાસ નિવાસ મહીપતિ મોટા;
તો નિત્ય માસ છમાસ લગી,
શિવને સિંચું જાન્હુવિના જળલોટા;
હો હરિ પાસ હુલાસ ધરિ,
નૃપ તખ્ત ભુલિ કરિ સેવક છોટા;
રાઘવને રિઝવું નથુરામ,
તુને મળવા રચિ છંદ અનોઠા.

ઇંદ્ર વીજય.

જાય ઘડી જુગની અતિ જાલિમ,
ભવ્ય પણું ભયંકારક ભાંસે;
સભ્ય અસભ્ય પણું અળગું કરિ,
તાપ ધરિ તનડું અતિ ત્રાસે;
જ્ઞાન થયું ગુમ ગર્વ તજી,
નથુરામ પ્રચંડ વિયોગ પ્રકાશે;
સત્ય કહુ સમ ખાઈ કરી.
નૃપ તખત વિના નહીં વખત વિતાશે.

મનહર.

બાર માસ સારૂં શિદ ખાસ કરિ બાવિંદતેં,
બુહુથી બોળીને હેતે હજુરમાં રાખિયો;
કાવ્યની કદર મન ભાવતી મહીપ કરી,
સારી કરી શલાવા શિદ દયા વડે દાખિયો;
આપી નથુરામ નીત્ય દામના ઈનામ અતિ,
પ્રીતેંથી પગાર નામેં અચલનેં નાખિયો;
આનંદ અગાર લખ્ત પારાવાર પ્યાર તોડી,
જાવાનું હતું તો શિદ આમ અભિલાખિયો.

મનહર.

ડુબાડવો હતો જો વિયોગ તણા વારિધિમાં,
તો ન્હોતો ઉતારવો દરિદ્રતાના નાવથી;
મારવો હતો જો મહા વિરહનું વિષ પાઇ,
તો ન્હોતો બચાવવો ગરીબી તણા તાવથી;
હતું તરછોડવાનું તખત તમારે ત્યારે,
નાહક લડાવવો ન્હોતો લાખો લાવથી;
ભયની ભઠ્ઠીમાં નથુરામ જ્યારે બાળવો'તો,
ત્યારે ન્હોતો બોલાવવો ભૂપ ભલા ભાવથી.

મનહર.

વિવિધ પ્રકાર તણા વૈભવ બતાવી વડા,
ભયને ભુવન છોડી જાવું નથી છાજતું;
ગાન તાન ગમતની રમત રમાડી ખૂબ;
રોતા મુકી જતાં કેમ દિલ નથી લાજતું;
હરખથી વરષીને શોક દેવો શોભે નહીં,
કહે નથુરામ તખ્ત નુકતે નિવાજ તું;
પ્રથમથી પાસે રાખી પ્રેમના પાતશાહ,
પર હરે પાપ વિના કેમ ધર્મપાજ તું.

મનહર.

બગ્ગીમાં બેસારી બાગ બગીચા બતાવી કરી,
રખડતો છોડવો ઘટે નાં ફરિ રાનમાં;
ભવ્ય ભુવનોમાં ભલી ભાત સંગે ભેળો રાખી,
વિના વાંકે વસાવવો ઘટે ના વિરાનમાં;
વચન પીયૂષ તણું પુરણ કરાવી પાન,
વિયોગનું વિષ નહીં દેવું ઘટે દાનમાં;
કહે નથુરામ ગુણ ગ્રાહક ગોહિલ તખ્ત,
મારવી ઘટે ના એવી ગોળી ગુલતાનમાં.

મનહર.

કવિતા બનાવવાનો હરોજ હુકમ હતો,
ઉત્તમ કવિતા કરી લાવતો ઉમંગમાં;
સાંભળતો શાણા સરદાર તું સરવ સ્નેહે,
અપુરવ આનંદ વધારી અતિ અંગમાં;
રસનું રહસ્ય જાણી ડોલતો દયાળુ દાની,
રસિક રંગાઇ તખ્ત રાવળજી રંગમાં;
કહે નથુરામ લેવા કાવ્યનો કોડથી લાવ,
સ્વરગમાં પણ મને લેવો હતો સંગમાં.

મનહર.

વિવિધ પ્રકારે વૃજભાષાની વડાઈ સુણી,
હુકમ કર્યો તો યશબાવની બનાવવા;
બનાવી રાખી છે બહુ શ્રમથી સુભાગી તંત,
શાવજ રસિક રાજા તમને રીઝાવવા;
ચારૂ મિત્ર કાવ્યની ચમત્કૃતી જાણવાને,
ભૂપતિ વિચારો બુધિમંડળમાં આવવા;
કહે નથુરામ કાંતો બ્હાદુર બોલાવો સુને,
સ્વરગમાં બિરદની બાવની સુણાવવા.

.મનહર

સંગીત તખ્ત વિનોદ સાંભળવો શિરૂ કરી.
અધુરો રખાવ્યો આપે ઉપાધિયો આવતાં;
શ્રેષ્ઠ જ્યેષ્ઠ માસમાં સમસ્ત ફરી સાંભળવા,
ભુપતિ બોલ્યાતા ભાવે વાક્ય મન ભાવતાં;
મેળવશો શાંરીતે સમય હવે સુણવાનો,
કહે નથુરામ બખ્ત સ્વર્ગમાં સિધાવતાં;
આવવું જરૂર જોશે આપને એ સમયમાં,
વડા પરિશ્રમ થશે વચન નિભાવતાં.

મનહર.

હવા ખાવા જાતા તોય હજારોને થાતું જાણ,
સ્નેહ ધારી સંગમાં સવાર ઝાઝા રાખતા;
સામા મળનારાઓની સ્નેહથી સલામ લેતા,
દીન દુ:ખીઆ જનોને દયા વડે દાખતા;
આપતા અપાર વિત્ત કાપતા કવિના કષ્ટ,
નથુરામ સંતનાં તમામ વાકય સાંખતા;
તખત વખત ઉતાવળનો સખત આશો,
પ્રજા પરેં પ્યારની નજર નથી નાંખતા.

૭૭

ઇંદ્રવિજય.

કોણ હવે કવિ કોવિદને,
દઈ ધામ ધરા કરશે ગુણ ગાતા;
કોણ હવે હરશે દુઃખીઆ જનના,
દુઃખપુંજ બની અતિ દાતા;
સંકટ કોણ હવે હરશે,
સુરભિ દ્વિજના કરિને સુખસાતા;
સખ્ત થશે નથુરામ હવે,
દીનના દિન તખ્ત મહીપતિ જાતાં.

૪૫

ઇંદ્રવિજય.

કોણ હવે પરમારથને પથ,
પ્યાર થકી વિચરે પદ ધારી;
કોણ હવે સુણશે સુખથી,
કિરતિ નિજની હય આપિ હજારી;
કોણ હવે ગુણિના ગણની,
ગણના કરશે ઉર ગર્વ વિસારી;
કવિ બની નથુરામ કહે,
અવની તજી તાપ્ત ગયો અવતારી.

૪૬

ઇંદ્ર વીજય.

કોણ હવે અનુરાગ ધરી,
બહુ યાગ કરી સુરને સુખ દેશો;
કોણ હવે શ્રુતિમંત્રતણા,
શિર આશિરવાદ અનંદ થિ લેશો;
કોણ હવે કરશો કરથી,
વિતના વરશાદ વિવિધ વિશેષે;
કોણ હવે અરપે નથુરામ,
જતાં નૃપતખ્ત સુ હેમ હમેશો.

૪૭

ઇંદ્ર વીજય.

કોણ હવે સુર મંદિર અંદર,
સુંદર આરસ પાથરવાનો;
કોણ હવે કરી હાટકના,
સુકપાટ દ્વાર પરેં ધરવાનો;
કોણ જવાહિરથી જગમાં,
સુરને અતિ ભવ્ય પણું ભરવાનો;
તખ્ત જતાં શુભ વખ્ત ગયો,
નથુરામ દુખી દુઃખમાં મરવાનો.

૪૮

છંદ્ર વીજય.

કોણ હવે કરીને અનક્ષેત્ર,
પવિત્ર યતિ ગણને સુખ આપે;
કોણ સદાવૃત બાંધિ બહુ,
સહુ સાધુ પ્રવાસિ તણાં દુઃખ કાપે;
કોણ ઉદાર અપાર બની,
ક્ષિતિના તલમાં જશ જાહિર છાપે;
કોણ હવે નથુરામ કહે,
વિણ તખ્ત મહી કિરતિ થકિ આપે.

ઇંદ્રવિજય.

કોણ જઇ ઇંગલાંડ મહીં,
નિજ કિર્તી અખંડ પણે વરતાવે;
કોણ મહીપ જઇ મહારાજ વિના,
મહારાણિ તણે મન ભાવે;
કોણ લિયે ઇલકાબ અનૂપમ,
એકથી એક અપૂર્વ પ્રભાવે
તેમ સમો તપધારિ હવે,
નથુરામ નહીં જગતાત નિપાવે.

ઇંદ્ર વીજય.

સંકટ સાધુ તણાં હરિને,
ભય પૂર્ણ અસાધુ ઉરેં ભરનારો;
ખૂબ કરિ મત પંડિત મંડિત,
ખંડિત સર્વ ખળો કરનારો;
અસ્ત થયો નશુરામ અચાનક,
હાકિમ હિંદ તણો શુભ તારો;
પૂર્ણ પ્રકાશ ભર્યો પ્રભુતા મય,
આજ ગયો નૃપ તખ્ત અમારે.

૫૧

ઇંદ્ર વીજય.

ચાતુર પૂર્ણ ચકોર તણું મુખ,
છાઈ રહ્યા કરૂણામય છંદા;
વર્ષ વિકાશ વિસારિ કરી,
અતિ કુષિત સંત કુમોદની વૃંદા;
સત્વર સર્વ પ્રકાશ તજી,
શૂદ્ર મંદ બન્યા નથુરામ નરેંદ્રા;
અસ્ત થયો નૃપ તમ અરે,
નવ નેહપુરી નભનો શુભ ચંદા.

ઇંદ્ર વીજય.

હુંસતણાં હરિ અંશું પ્રચંડ,
હિમાંશુ હરોજ પ્રકાશિત થાશે;
સારસ ત્યાગ કરી રસને,
હિમ આકરના હુકમે કરમાશે;
વાસર સ્વલ્પ ગુરૂરજની બનિ,
જાહિર જગ્ત વિષે વરતાશે;
તે વખતે તખતેશ વિના,
નથુરામ તણે ઉર આગ ન મારો.

૫૩

ઇંદ્રવિજય.

ચંપક જાઈ ચમેલિ તણાં તરૂ,
ફુલિ ઉઠે ખુશબોઈ ફુહારે;
કોકિલ કોક કપોતતણાં કુલ,
કુંજિ રહે અતિ મંદ ઉચારે;
મંજુલ ગુંજ કરે મધુ પુંજ,
નિકુંજનિ મંજરીયો પર જ્યારે;
સાંભરશે તખતેશ સદા,
નથુરામ તણા ઉર અંદર ત્યારે.

ઇંદ્ર વીજય.

વ્યોમ થકી અતિ જેમ ભર્યો જવ,
અંગથિ આગ પતંગ પ્રસારે;
ધોમ ધખાવિધરાતલ ઉપર,
લોહુસમાં ધખતાં કર ધારે;
જીવન જોઈ સુકાઇ જતું,
મનથીમકરો સહુ હિમ્મત હારે;
આવિજશે નથુરામ ઉરેં,
તખતેશનિ યાદિ અપુરવ ત્યારેં.

૫૫

ઇંદ્રવિજય.

અંબર ગાઢ અવાજ કરી,
બળ ધારિ બલાહક નાં દળ ધાશે;
ચારૂ પ્રકાશ ભરી ચપલા,
ચમકાતિ નહીં નભ મંડલ માશે;
શાંત થશે ધરણી ધખતી,
સરીતા સર જીવનથી છલિ જાશે;
તે વખતે તખતેશ વિના,
નથુરામ તણું મનડું ગભરાશે.

મનહર.

શીતની સવારી ટાણે સંભરશો સાધુઓને,
પટુઓના પુંજ દાતા દેનારા દુશાલાના;
હરઘડી સાંભરશો હૃદામાં હજુરીયોને,
મોજમાં ઉડાવનારા મોતીયોની માળાના.
સાંભરસો દાની દ્વિજમંડળને સંકરાંતે,
નંદની તેજુરી તણા તોડનારા તાળાના;
વખતો વખત નથુરામને તખત તર્યે,
સાંભરસો સોંપનારા વિરહ ઉનાળાના.

૫૭

મનહર.

મોરેલા રસાલ જોઈ સાંભરશો રસિયોને,
સ્નેહથી ધરાવનારા વસંતી સુહાગના;
સાંભરશો પુષ્પના પ્રકાશથી પરિજનોને,
પ્રેમથી બંધાવનારા પચરંગી પાગના;
રાગણી વસંત ગાતા સાંભરશો ગાયકોને,
અતિ અનુરાગી રાગી રાવળજી રાગના;
કહે નથુરામ તખ્ત સાંભરશો કોટિ વાર,
ભૂસુરોને ભાવથી ઉપાવનારા યાગના.

મનહર.

સાંભરશે સુધના પ્રચંડતાના સમયમાં,
તૃષિત પ્રવાસિયોને બાંધનારા પર્વના;
અરથીને સાંભરશે અતિ તપવારિ તખ્ત,
ખાંતે આપનારા વિત્ત ખરવનિખર્વના;
પેરમના નાથ પાકાં અવિલોકી આમ્ર ફલો,
સાંભરશે શાણાદાની અંતરમાં સર્વના;
નિત્ય નથુરામ સુણે સાંભરશે સારંગને,
ગોહિલજી ટાળનારા ગાયકોના ગર્વના.

મનહર

યાદ આવશો અપાર અનાથોને અંતરમાં,
પાવસમાં છત્ર પતિ આપનારા છત્રના;
ઇંદ્રને આડંબરેથી સાંભરશો સ્નેહીઓને,
યશે કરી જીતનારા સૂર્ય સરવત્રના;
જલતાં જવાસા જોઇ સાંભરશો સુજનોને,
પ્રેમના પાતશાહ પારખુ પવિત્રના;
નિત્ય નથુરામને સાંભરશો સલુણા તખ્ત,
રીઝનારા રાવળજી જોઈ ચારૂ ચિત્રના.

મનહર.

દશેરાને દિવસે સહુ પ્રજાને સાંભરશો,
આનંદ બિરાજનારા કુંજર ઉતંગના;
કવિયોના કુલને સાભરશો કોડિલા તખ્ત,
તગધારી આપનારા તરલ તુરંગના;
દિવાળીના દિવસોમાં સહુ દરબારિયોને,
સાંભરશો સોંપનારા અધિક ઉમંગના;
નિત્ય નિત્ય સાંભરશો નથુરામને નૃપાલ,
દાની દરસાવનારા રજપુતી રંગના.

મનહર.

ક્ષણ પ્રતિ ક્ષણ નથુરામ તણા નયનથી,
અળગીના રેગ્રે ભરી આનંદની આકૃતી;
સુકૃતી સંયુક્ત સારી પ્રકૃતી પરોપકારી,
પળપળે સાંભરશે પેરમતણા પતી;
રાખશું છુપાવી રૂદે વિરહ તમારો તખ્ત,
થાશે બારમાસ માંહીં બેદિને રૂતિ છતી;
પોસ વદી સાતમને સોમે ભાવનગ્ર ભુપ,
માઘ સુદી ચૌદસને બુધ્ધે બળીયા અતી.

મનહર.

જીવશું જ્યાં સુધી અમે જગતમાં જશ ધારી,
ત્યાં સુધી તમારી તખ્ત વાત ના વિસારશું;
કરશું કવિતા નિત્ય કીરતીની કોડે સદા,
સાંઝને સવાર છબી ધ્યાન ધરી ધારશું;
કહે નથુરામ કરી ભાવથી પ્રભુની ભગ્તી,
ગોહિલની ગાદીને સુઆશીષ ઉચારશું;
આપનું પ્રતિનિધિસ્વરૂપ ભાવસિંહ ભૂપ,
નેહથી નિહાળી હવે નયનને ઠારશું.

મનહર.

આપના સુપુણ્યનું રસાળવૃક્ષ રાવળજી
આપે ફલો અન્નતના ભાવસિંહ ભૂપને;
જગતેગ દાની વસુધામાં વખણાયે વીર,
રાખે મજબુતી કરી રજપુતી રૂપને;
આપની સુકીરતીના કીલ્લા રાખે કબજામાં,
મેળવે મહીમા મોટા માનના સ્વરૂપને;
કહે નથુરામ શતક્રતુના સમાન સદા,
વિહરે વિશેષ ગૃહી આનંદ અનુપને.

શુદ્ધિ પત્ર

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ
૭	૮	સમર્યા
૧૦	૮	કોટીયું
૧૦	૩	અણુશયા
૧૨	૫	હનેનશ્ર
૧૬	૨	સુનિધાયા
૧૮	૧	કળિકાળવાર્યે
૨૭	૪	પશ્ચાત્રિશુત
૪૧	૫	ચારૂમિત્રકા
૪૪	૬	સુરાભી
૫૯	૫	જ્વલતાં
૬૨	૬	કુમારશ્રુ